# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની દિલ્હી સ્થિત The Associated Chambers of Commerce & Industry of India (ASSOCHAM) ની મેનેજીંગ કમિટિમાં બિનહરિફ ચૂંટાઈ આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉધોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ ચેમ્બર દ્વારા હર હંમેશ વેપાર-ઉધોગના તેમજ આમ પ્રજાના પ્રશ્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દિલ્હી સ્થિત The Associated Chambers of Commerce & Industry of India (ASSOCHAM) માં સભ્યપદ ધરાવે છે. જેમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની મેનેજીંગ કિમિટિમાં બિનહરિફ ચૂંટાઈ આવેલ છે. ASSOCHAM ની મેનેજીંગ કમિટિમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ માટે ગૌરવની બાબત ગણાય. આમ આ સ્થાન મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે.

સાથો સાથ શ્રી વી.પી. વૈષ્ણવ હાલ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન તરીકે, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તરીકે, નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ન્યુ દિલ્હીમાં કારોબારી સભ્ય તરીકે, મુંબઇ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ કારોબારી સભ્ય તરીકે અને ASSOCHAM માં મેનેજીંગ કમિટિમાં કાર્યરત છે. આમ ઈતિહાસમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ૬ જેટલી મહત્વની ઉચ્ચ લેવલની સંસ્થાઓનું પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ પ્રતિનિધિત્વ કરી રહયા છે તે ગૌરવની બાબત ગણાય.

વધુમાં ASSOCHAM ની તા.૩૦-૩-૨૦૨૪ ના રોજ મેનેજીંગ કમિટિની પ્રથમ મિટીંગ ઓનલાઇન મળેલ હતી. તેમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ જોડાઇને કાર્યવાહીમાં ભાગ લીધેલ. આથી તમામ વેપાર-ઉધોગકારોને તેઓને ઉદ્ભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે. જેથી તેની ઉચ્ચ લેવલે રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.